**ડૉ. રમેશ એચ. ચૌધરી**
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,
શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ કોલેજ,
વડગામ.

# શાકુન્તલ નો પ્રધાન સંદેશ

વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસ ભારતીય સંસ્કૃતિના ઉદ્ગાતા છે. વ્યાસ વાસ્તવાદી છે તો વાલ્મીકિ આદર્શવાદી છે. જીવન કેવું છે તે વ્યાસ કહે છે. જીવન કેવું હોવું જોઈએ તે વાલ્મીકિ કહે છે. આ મહર્ષિઓમાંથી પ્રેરણા મેળવી કાલિદાસે પોતાનો અક્ષરદેશ ઘડ્યો છે. વાસ્તવવાદ અને આદર્શવાદનો સમન્વય કાલિદાસની કૃતિઓમાં જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં (કલા માટે કલા) એ આદર્શ નથી. પરંતુ (જીવન માટે કલા) નો આદર્શ સર્જકોની દૃષ્ટિ સામે રહ્યો છે. તેથી સાહિત્ય સર્જન કાવ્યાનંદની સાથે જીવનને અજવાળે કે તેને સમૃદ્ધ બના વે તેવું જીવનદર્શન, ઉપદેશ કે સંદેશ આપવાનું એક વિશેષ પ્રયોજન પણ સર્જકની સામે હતું. તેથી જ ભારતીય કાવ્યશાસ્ત્રીઓએ તેમના લક્ષણગ્રંથોમાં આપેલા કાવ્ય પ્રયોજનોમાં ઉપદેશને પણ મહત્વનું સ્થાન આપ્યું છે.

તે ઉપદેશ કે સંદેશ વેદ, પુરાણ કે ઈતિહાસ ની જેમ રૂક્ષ કે શબ્દાર્થ પ્રધાન ન હતાં પ્રિયતમાના મધુર વચનોની જેમ રસપ્રધાન હોય છે. દવનિવાદીઓ માને છે કે કવિ જ્યારે કાવ્ય રચના કરે છે ત્યારે તેની પાછળ તેનો પ્રબંધક ધ્વનિ અથવા પાર્યન્તિક ધ્વનિ હોય છે. જે કૃતિનો કાવ્યાર્થ કે સંદેશ હોય છે.

મહાકવિ કાલિદનસનું ન ભૂતો ન ભવિષ્યતિ એવું આ નાટક સદીઓથી દેશ તેમજ વિદેશના વિદ્વાનો, સમીક્ષકો અને કલાકારોના આકર્ષણનું કેન્દ્ર બનેલું છે. શ્રી કરમાકર, કુન્હનરાજા, નેરૂરકર, દેવદત્તશાસ્ત્રી, હિરિયણ્ણા, ઉમાશંકર જોશી, પ્રો. જી. સી. ઝાલા, વોલ્ટરરૂબેન, રમાશંકર તિવારી, મહર્ષિ અરવિંદ, રવીન્દ્રનાથ ટાગોર, વગેરે મહાનુભાવોએ

કાલિદાસના કાવ્યાર્થને પામવાનો પ્રયાસ કરેલો છે. તેમના આ સ્તુત્ય પ્રયાસમાંથી પ્રેરણા મેળવી કાલિદાસના જીવનદર્શનને એક નવા દ્રષ્ટિકોણથી મૂલવી તેને શબ્દબદ્ધ કરવાનો નમ્ર યાપાસ છે. વ્યક્તિસ્વાતંત્ર્ય અને સમાજવાદી વિચારસરણીવાળા આ યુગમાં જ્યારે બંને વિચારસરણીઓ અપ્રસ્તુત બની ગઈ છે. ત્યારે દુષ્યંત અને શકુન્તલાના દ્વન્દ્વનું નિરસન કરી જે ભૂમિકા પર બે આત્માઓનું મિલન સાધ્યું છે તે ભૂમિકા વ્યક્તિ અને સમાજના દ્વન્દ્વને નિવારવામાં કેટલી ઉપયોગી થઈ શકે ? તે ભૂમિકાને સંશોધવાનું લક્ષ્ય છે.

શકુન્તલા આશ્રમ કન્યા છે. દુષ્યંત સમાજનો પ્રતિનિધિ રાજા છે. શકુન્તલા દુષ્યંતના પ્રેમમાં ડૂબીને સમાજની ઉપેક્ષા કરે છે જ્યારે દુષ્યંત સમાજનો પ્રતિનિધિ થઈને શકુન્તલાના રૂપલાવણ્યનો ઉપભોગ કરી તેના પ્રત્યાખ્યાન દ્વારા શકુન્તલાનું શોષણ કરે છે. કાલિદાસ દુર્વાસાના શાપ દ્વારા બંનેના આત્માને શુદ્ધ કરી ધર્મમય અને સમષ્ટિનિષ્ટ બનાવે છે.

દેહ અને ઈન્દ્રિયોના આકર્ષણથી ઉદ્‌ભવતા પ્રણયનો કાલિદાસ સ્વીકાર કરે છે, કામના બળને તે પ્રમાણે છે પણ તેની આગળ પ્રણિપાત કરતા નથી. એમને મને આવો પ્રેમ સંકુચિત છે અને તે શ્રેયસ્કારી બનતો નથી. માત્ર કામના બળે થયેલું પ્રણયીઓનું મિલન અધૂરું હોય છે, તેથી આત્માનું મિલન સધાતું નથી. આ બાબતમાં શ્રી રવીન્દ્રનાથ ટાગોરે ઉચ્ચારેલી ચેતવણી સ્મરણીય છે "જે પ્રેમને કાંઈ બંધન નથી, કાંઈ નિયમ નથી, જે એકદમ નરનારી પર આક્રમણ કરી, સંયમદુર્ગના તૂટેલા બુરજ પર પોતાની વિજય ધ્વજા ફરકાવે છે, તેની શક્તિનો કાલિદાસે સ્વીકાર કર્યો છે, પરંતુ તેની આગળ આત્મસમર્પણ કરતા નથી. તેમણે બતાવી આપ્યું છે કે જે અંધપ્રેમસંભોગ આપણને આપણા અધિકાર વિશે પ્રમત્ત બનાવે છે તે ભર્તાના શાપથી ખંડિત થાય છે. ઋષિના શાપથી વિઘ્ન પામે છે અને દૈવરોષથી ભસ્મસાત્‌ થઈ જાય છે. "

પરમાત્માએ ઈન્દ્રિયોને બહિર્મુખ દર્શાવી છે, તેથી તેઓ બહારના વિષયોને જુએ છે અંતરાત્માને જોતી નથી. તેથી મનુષ્ય સ્વભાવથી જ વિષયાભિમુખ રહે છે. વિષયોની પાછળ દોડતો માનવ તેમાં આસક્ત બને છે. આસક્તિથી કામ, કામથી ક્રોધ, ક્રોધથી સંમોહ, સંમોહથી સ્મૃતિભ્રંશ, સ્મૃતિભ્રંશથી બુદ્ધિનો નાશ અને બુદ્ધિનાશથી મનુષ્યનો વિનાશ થઈ જાય છે. તેથી આત્મવિકાસ માટે ઈન્દ્રિયોનું નિયંત્રણ આવશ્યક જ નહિ અનિવાર્ય પણ છે. આત્મવિકાસનાં ચાર સોપાન છે. વ્યક્તિનિષ્ઠાની અપેક્ષાએ પરિવારનિષ્ઠા, પરિવારનિષ્ઠાની અપેક્ષાએ સમાજનિષ્ઠા અને સમાજનિષ્ઠાની અપેક્ષાએ રાષ્ટ્રનિષ્ઠા અધિક આદરણીય અને વંદનીય છે. આત્મનિષ્ઠા એ વિકાસની પરાકાષ્ટા છે. તેથી જ આત્માને માટે સમગ્ર પૃથ્વીનો ત્યાગ કરવાનું ઉચિત ગણાયું છે. આત્મવિકાસ જ ધર્મ છે. આ ધર્મને અનુકૂળ રહીને જ મનુષ્ય પોતાની ઈચ્છાઓનો ભોગ કરી શકે છે. તેનાથી પ્રતિકુલ વ્યવહાર એ અધર્મ છે. ધર્મને અનુકૂળ કામ જ પરમાત્માનું સ્વરૂપ છે. સમષ્ટિને માટે પણ આ જ ધર્મ છે. આત્મવિકાસમાં જ વ્યષ્ટિ કે સમષ્ટિનો વિકાસ અને કલ્યાણ રહેલું છે. શાકુન્તલમાં કાલિદાસનો આજ પ્રધાન સંદેશ છે. કાલિદાસે શાકુન્તલના સાત અંકોમાં દુષ્યંત અને શકુન્તલાના ચરિત્રનો ક્રમિક વિકાસ સાધીને તેમના જીવનને ધર્મમય અને સહુને માટે મંગલમય બનાવ્યું છે. આત્મવિકાસની આ પ્રક્રિયાનો પરિચય આપતાં શ્રી ઉમાશંકર જોશી એ કહ્યું છે, "દુર્વાસાના શાપથી બંને (દુષ્યંત અને શકુન્તલા) માટે આત્મશોધનની વિકટ પ્રક્રિયાનો આરંભ થાય છે. અને મરીચ ઋષિના આશ્રમમાં જ્યારે બંને મળે છે ત્યારે લગભગ પૂર્ણતાને પામે છે. "

ધર્મ, અર્થ અને કામ આ ત્રણેમાંથી કાલિદાસ ધર્મને જ ત્રણે વર્ગનો સાર ગણે છે. અર્થ અને કામ ધર્મના નિયંત્રણમાં રહેવું જોઈએ. પરંતુ જ્યારે તે પ્રબળ બનીને ધર્મને દબાવી દે છે ત્યારે અનર્થ ઉત્પન્ન થાય છે. શકુન્તલા આશ્રમ કન્યા છે, કણ્વની અનુપસ્થિતિમાં અતિથિ સત્કારનું કામ તેને સોંપવમાં આવ્યું છે. પરંતુ દુષ્યંતના વિચારોમાં એટલી ડૂબી જાય છે કે તે પોતાનો સામાજિક ધર્મ નિભાવી શકતી નથી. સમષ્ટિના

પ્રતિનિધિના રૂપમાં આવેલા અતિથિ દુર્વાસાનો અવાજ તેને સંભળાતો નથી અને દુર્વાસા તેને શાપ આપે છે કે જેનું તું અનન્ય મનથી ચિંતન કરી રહી છે, તે તને ભૂલી જશે અને યાદ કરાવવા છતાં યાદ કરશે નહિ. આ પ્રસંગને ઉજાગર કરતાં રવીન્દ્રનાથ ટાગોર લખે છે, "શકુન્તલા જ્યારે સમજવા લાગે કે આતિથ્યધર્મ કંઈ નથી, દુષ્યંત જ બધું છે, ત્યારે તેના પ્રેમમાં કોઈ કલ્યાણ ન રહ્યું. જે ઉન્મત પ્રેમ પ્રિયતમ સિવાય બધાને ભૂલી જાય એવો પ્રેમ સમગ્ર વિશ્વને પોતાનાથી પ્રતિકૂળ બનાવી લે છે અને થોડાક દિવસોમાં જ તે પીડાકારક બની જાય છે. આ જ કારણ છે કે કણ્વદુહિતાને એક દિવસ યૌવનલાવણ્યના સંપૂર્ણ ઐશ્વર્ય સાથે અપમાનિત થઈને પાછા ફરવું પડે છે. દુર્વાસાનો શાપ કવિનું એક રૂપક માત્ર છે." કેટલાક લોકો માને છે કે શકુન્તલાને શિક્ષા કરીને કવિએ તેની સાથે અન્યાય કર્યો છે. તેની માનસિકતાનો વિચાર કરતાં તેને અપરાધી ઠરાવી ન શકાય. પરંતુ વિચાર કરતાં જણાશે કે કવિએ શકુન્તલાની સાથે કોઈ અન્યાય કર્યો નથી કારણ કે જે માનસિકતા સમષ્ટિને ભૂલીને વ્યક્તિનિષ્ઠ બની જાય તે દંડનીય છે. શાસ્ત્રો પણ આવી વ્યક્તિને ચોર અને પાપી ગણે છે. શાપને કારણે તેનો વ્યક્તિનિષ્ઠ પ્રેમ સમષ્ઠિનિષ્ઠ બની જાય છે. શકુન્તલાના પ્રેમમાં આવેલા આ પરિવર્તન પ્રત્યે અંગુલિનિર્દેશ કરતાં શ્રી ઉમાશંકર જોશી લખે છે. "શકુન્તલા મરીચ ઋષિના મૌન નિવાસમાં પતિના વિરહમાં પુત્રની સાથે જે સાતેક વર્ષનો સમય પસાર કરેછે, તે સમષ્ટિના શિક્ષણનાં છે એમ કહી શકાય."

શકુન્તલાએ પ્રત્યાખાન સમયે જે આરોપો દુષ્યંત પર કર્યા એક રીતે યોગ્ય લાગે છે. અને વિદુષકે ખજૂરથી ધરાઈ ગયેલી અમલીની અભિલાષા કરે એવો દુષ્યંતનો જે પરિચય આપ્યો તે પણ યથાર્થ લાગે છે. હંસાપદિકાએ જે કાવ્યમય રૂદન કર્યું તેમાં દુષ્યન્તની સ્વચ્છંદતા અને ભ્રમરવૃત્તિ જણાઈ આવે છે. ભ્રમરબાધા પ્રસંગ અને ધર્મારણ્યમાં હાથીનો પ્રવેશ વગેરે પ્રસંગો પણ દુષ્યંતના દુશ્ચરિત્ર પર સારો પ્રકાશ પાથરે છે. દુષ્યંતના ચારિત્ર્યની દુર્બળતા પર જ શાપ પોતાનો પંજો ફેલાવે છે. આશ્રમ કન્યાઓને

છેતરવા માટે તે પોતાનો દ્વિઅર્થી પરિચય આપે છે. અને અંતઃપુરની રાણીઓના કટાક્ષોથી રચવા માટે ભોળા વિદુષક આગળ જે અસત્ય ભાષણ કરે છે તેનાથી તેના આડંબર યુક્ત ચરિત્રનો પરિચય મળે છે. તે શકુન્તલાને પોતાની કામતૃપ્તિ માટે જ ચાહતો હતો, સમષ્ટિના કલ્યાણમાં વિઘ્નરૂપ રીતે તેનો પ્રારંભિક પ્રણય સંકુચિત અને કામજન્ય હતો, જે સમષ્ટિના કલ્યાણમાં વિઘ્નરૂપ હતો. કાલિદાસે દુયંતના આ દુષણોને દુર્વાસાના શાપથી ઉત્પન્ન વિરહાગ્નિમાં તપાવીને શુધ્ધ કર્યા અને તેના પ્રેમને સમષ્ટિ અને ધર્મને અનુકુળ બતાવ્યો. આ તથ્યને પ્રકાશિત કરતાં રવીન્દ્રનાથ ટાગોર કહે છે, “દુષ્યંતના પ્રેમની વ્યક્તિનિષ્ઠા છઠ્ઠા અંકમાં પૂર્ણપણે પ્રકાશિત થાય છે. અને તેની સમષ્ટિનિષ્ઠા પણ ધનમિત્રના પ્રસંગમાં જે ઘોષણા કરે છે તેમાં અને તેનાથી પણ વધારે પોતાની પાછળ કોઈ વારસ નહિ હોવાને કારણે અરાજકતા ફેલાઈ જશે અને સારસ્વત સ્ત્રોત-સંસ્કૃતિનો પ્રવાહ મરુભૂમિમાં લુપ્ત થશે એ પ્રકારની સાત્વિક ચિન્તામાં તે મૂર્છિત થઈ જાય છે તેમાં અપૂર્વ રીતે અભિવ્યકત થાય છે. ”

આ રીતે આપણે જોઈએ છીએ કે શકુન્તલા અને દુષ્યંતનો પ્રેમ વ્યક્તિનિષ્ઠ અને કામજન્ય હતો તેથી શાપિત બન્યો. મહાકવિએ પોતાના અન્ય નાટકો અને મહાકાવ્યોમાં આ ઉપદેશ આપ્યો છે. સ્વસ્થ સમાજ માટે આ આવશ્યક છે કે વ્યક્તિ હોય કે સમાજ તેનો વ્યવહાર ધર્મને અનુકૂળ હોવો જોઈએ. ધર્મને અનુકૂળ વ્યવહારની યોજનામાં વ્યક્તિ અને વ્યક્તિ કે વ્યક્તિ અને સમાજનું દ્વન્દ્વ અને સંઘર્ષ પણ સમાપ્ત થઈ જાય છે. આ જ શકુન્તલનો પ્રધાન સંદેશ છે.

**પાદ ટીપ**

**૧). શ્રી રવિન્દ્રનાથ ટાગોર : પ્રાચીન સાહિત્ય પૃ.૨૩**

**૨). ઉમાશંકર જોશી : શાકુન્તલ પૃ. ૩૬**

**૩).** “Kalidasa-A Study” – Prof. G.C. jhala Page 69-70